પ[illegible]ાની માફી.

અથવા

ન્યાયીકરણ.

ઉર્દુમાંથી તરજુમો કરી છંપાવી પ્રસિદ્ધ કરનાર,

સદ્‌ગુણ દે. દેસાઈ.

રાયખડ, અમદાવાદ.

ઇ. સ. ૧૯૧૮.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

પીરમશાહ રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં,

લલ્લુભાઇ ઇશ્વરભાઇ ત્રિવેદીએ છાપી.

કીંમત ૬ પાઇ.

પાપોની માફી અથવા ન્યાયીકરણ.

અયુબે સવાલ કર્યો કે દેવની આગળ માણસ શી રીતે ન્યાયી ઠરે ? અયુબ ૯; ૨. જ્યાં લગી કોઈ માણસને આ સવાલનો પૂરો જવાબ ન મળે ત્યાં લગી તે અંધારાની, અજ્ઞાનતાની તથા બેચેનીની હાલતમાં રહેશે.

દેવ પરમપવિત્ર છે અને માણસ બિલકુલ મલીન તથા પાપી છે. જો પેગમબર પણ દેવનો મહિમા જોશે તો તે જરૂર કહેશે કે હું નષ્ટ થએલ છું. યસાયા ૬; ૧—૮. કોઇની તાકત નથી કે તે દેવની આગળ ઉભો રહે. લખ્યું છે કે કોઇ માણસ નથી કે મને જુએ અને જીવતો રહે.

દેવ આપણો ધણી છે અને આપણ સર્વ તેના સેવક છિયે, પણ સઘળા પોતાનીજ મરજી પ્રમાણે ચાલ્યા છે. યસાયા ૫૩; ૬. "અમારાં સર્વ પુણ્ય કર્મ મેલા લુગડાના જેવાં છે" યસા ૬૪; ૬. "કોઇ સારૂં કરનાર નથી, એક પણ નથી." રોમી ૩; ૧૨. કોઇ પેગમબર કે સાધુનાં પુણ્યકર્મ એવાં નથી કે તે પોતાનો બચાવ કરી શકે તો નક્કિ છે કે તે બીજાનો તો બચાવ કરી શકેજ નહિ. આપણે ગમે તે-ટલી મેહેનત કરિયે પણ આપણે પોતાનાં કામથી પાપોની માફી મેળવી શકતા નથી અને દેવની આગળ ન્યાયી ઠરી શ-કતા નથી, "હવે આપણ જાણિયે છિયે કે નિયમશાસ્ત્ર જે કંઇ કહે છે, તે જેઓ નિયમશાસ્ત્રને આધિન તેઓને કહે છે,

એ માટે કે હરેક મોહોડું બંધ કરાય, ને આખું જગત દેવની આગળ દોષિત ઠરે. તે માટે કોઇ નિયમની કરણીઓથી તેની આગળ ન્યાયી ઠરાવાશે નહિ, કારણ કે નિયમથી તો પાપનું ઓળખાણ થાય છે" રોમી ૩; ૧૯, ૨૦.

હવે સ્પષ્ટ છે કે પાપની માફી આપવાનો દેવ કંઇ ઉપાય કરે તો કરે, નહિ તો માણુસ બિલકુલ લાચાર છે. અને કેવી ખુશીની વાત છે કે દેવે ઉપાય કર્યો છે એટલે તેણે પોતાનો એકાકિ જણિતપુત્ર મોકલ્યો એ સારૂ કે તે પાપનું પ્રાયશ્ચિત કરે અથવા પાપી લોકના બદલામાં પોતાનો જીવ આપે જેથી કરીને દેવ પોતે ન્યાયી રહે અને જે ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરનાર છે તેઓને ન્યાયી ઠરાવે. રૂમી ૩; ૨૬.

જો પ્રભુ ઇસુ ખ્રીસ્તના મરણ વગર દેવ પાપીઓને માફી આપત તો તે ન્યાયી ન ઠરત કેમકે જે હાકેમ છે તેને વાસ્તે એ વાજબી છે કે તે ગુનેહગારને સજા આપે. જો ઇસુ ખ્રીસ્ત માત્ર માણુસ હોત તો તે કોઇ માણુસને બચાવી શકત નહિ, પણ તે દેવ છતાં માણુસ થયો માટે તેના મરણમાં એટલો ગુણ તથા એટલી અસર છે કે તેના પરના વિશ્વાસથી પાપોની માફી મળે છે.

દેવનું વચન છે કે " લોહી વેહેવડાવ્યા વગર માફી થતી નથી." હેબ્રી. ૯; ૨૨. પ્રભુ ઇસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે." ૧ યોહાન ૧; ૭. આ

સિવાય બીજો કોઇ ઉપાય કામમાં આવનાર નથી. ઇસુ ખ્રીસ્ત પાપીઓનો બદલો છે. તે એઓના અપરાધોને લીધે વિંધાયો ને એઓના અન્યાયને લીધે કચડાયો. યસાયા ૫૩; ૫. વધસ્તંભ પર તેણે બુમ પાડી કે "હે મારા દેવ, હે મારા દેવ, તેં મને કેમ મુકી દીધો છે" ? માર્ક. ૧૫; ૩૪. દેવની કૃપાથી એનો જવાબ એ છે કે વધસ્તંભ પર તે પાપીઓનો બદલી હતો, અને દેવે તેને છોડી દીધો તે પરથી સાબીત થાયછે કે જે પાપી લોક ઇસુ ખ્રીસ્તને આસરે દેવની પાસે નથી આવતા તેઓને ઇનસાફની વખતે દેવ પોતાથી દૂર કરશે. માત્થી ૨૫; ૪૧. અને જો ખ્રીસ્ત પાપીઓને બચાવવા ચાહે તો જરૂર હતી કે દેવ તેનાથી પણ પોતાનું મોહો ફેરવે અને તેને છોડી દે. જરૂર હતી કે હર પ્રકારે તે પાપીઓનાં દુઃખ ચાખે ગેથસેમનીની વાડીમાં તેણે પ્રાર્થના કરી કે " ઓ મારા બાપ જો બની શકે તો આ વાટકો મારાથી દુર કર." માત્થી ૨૬; ૩૯. આ પ્યાલો કયો હતો ? એ પ્યાલો દલગીરીનો હતો. જે કોઇ એ પીએ તે પાપીઓની તમામ સજા ઉઠાવે અને દેવથી દુર કરવામાં આવે. પ્રભુ ઇસુ ખ્રીસ્તે એ પ્યાલો પીધો અને જ્યારે બધું કામ પુરૂં થયું ત્યારે તેણે કહ્યું કે "સંપૂર્ણ થયું; ને માથું નમાવીને પ્રાણ છોડયો." યોહાન ૧૯; ૩૦.

ત્રીજે દિવસે દેવે તેને મરીગએલાઓમાંથી ઉઠાડયો જેથી માલમ પડે છે કે દેવે તેનું કામ કબુલ કર્યું છે અને હવે પાપીઓના પાપનો બદલો ભરાઇ ચુકયો છે. "તે આપણા અપરાધોને લીધે પરાધીન કરાયો, ને આપણા ન્યાયીકરણને લીધે પાછો ઉઠડાયો" રોમી. ૪; ૨૫. પછી પ્રભુ આકાશમાં ગયો અને તે ત્યાં દેવની જમણી બાજુએ બેઠો છે. જગતનો ઇનસાફ કરવાને તે ત્યાંથી ફરી આવશે. "કેમકે તેણે એક દિવસ ઠરાવ્યો છે જેમાં પોતાના ઠરાવેલા માણસ વડે જગતનો ન્યાય ન્યાયીપણાએ તે કરશે, જે વિષે તેણે તેને મરીગયેલાઓમાંથી પાછો ઉઠાડવાથી સર્વને પ્રમાણ આપ્યુંછે" પ્રેરી ૧૭; ૩૧. એજ પ્રભુ ઇસુ ખ્રીસ્તના નામમાં બોધ કરવામાં આવે છે કે જે કોઇ તેના નામ પર વિશ્વાસુ કરશે તે પાપોની માફી પામશે. પ્રેરી. ૧૦; ૨૩. બે વાતોની જરૂર છે, એટલે પસ્તાવો કરવાની અને પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરવાની. પ્રેરી. ૨૦; ૨૧. પસ્તાવો કરવાનો અર્થ એ છે કે માણસ પોતાથી અને પોતાનાં સર્વ કામથી કંટાળે અને એ પણ માલમ પડે કે મારૂં સર્વ ન્યાયીપણું ફકત ભુંડાઇ છે અને હર પ્રકારે હું નરકને લાયક છું. વિશ્વાસ કરવાનો અર્થ એ છે કે માણસ દિલથી માને કે જે વાત દેવે પ્રભુ ઇસુ ખ્રીસ્ત વિષે જાહેર કરી છે તે સત્ય છે એટલે કે

તેણે નિર્દોષ હોવા છતાં પોતાનો જીવ પાપીઓને વાસ્તે આપી દીધો પરંતુ તે હાલ મુએલો નથી પણ જીવતો છે અને દેવને જમણે હાથે બેઠેલો છે.

જેઓમાં આ બે નિશાનીઓ માલમ પડે છે તેઓનાં પાપ માફ થયાંછે ? ૧ યોહાન ૨; ૧૨. વળી પ્રભુ કહે છે કે "તેઓનાં પાપ તથા તેઓના અન્યાય હું ફરી સંભારીશ નહિ." હેબ્રી ૧૦; ૧૭. પણ જો કોઈ માણસ એમ કહે છે કે હું વિશ્વાસ કરૂં છું પણ મને માલમ નથી કે મારાં પાપ માફ થયાં છે કે નહિ તો તે માણસ દેવને જુઠો ઠરાવે છે ? યોહાન ૫; ૧૦. કેમકે દેવ કહે છે કે જે વિશ્વાસ કરે છે તેને માફી મળી છે પણ આ માણસ કહે છે કે હું વિશ્વાસ કરૂં છું પણ હું જાણતો નથી કે મારાં પાપ મને માફ થયાં છે માટે તે દેવને જુઠો ઠરાવે છે. આ પ્રમાણે પ્રભુના વચન પર ભરોસો ન રાખવો એ ઘણું ખોટું કામ છે માટે એ લાયક નથી કે આપણે એવું કરિયે.

મોટી ખુશીની વાત છે કે દેવ જે પાપની માફી આપે છે તે અનંતકાળ સુધી કાયમ રહે છે. વિશ્વાસ કરનારાઓનાં ભુત, વર્તમાન કે ભવિષ્યનાં પાપ તે કદિ ઇનસાફની વખતે યાદ નહિ કરશે અને કદિ સજાનો હુકમ તેમના પર નહિ આવશે. યોહાન ૫; ૨૪. પરંતુ તેણે

વિશ્વાસ કરનારાઓને પોતાના વહાલામાં એટલે ઇસુ ખ્રીસ્તમાં કબુલ કર્યા છે, એફે. ૧; ૬.

આ વાત વાંચીને કદાચ કોઇ વાંધો કહાડશે કે જો મારા સર્વ ગુનાહ મને માફ થયા છે અને દેવ મારા પર સજાનો હુકમ કદિ નહિ લાવશે તો હવે હું પોતાની મરજી પ્રમાણે કેમ ના ચાલું ?

આગલા વખતમાં લોક એવો વાંધો લાવતા હતા, રોમી. ૬; ૧.

આવો વાંધો કહાડવાનું કારણ એ છે કે તેઓ પોતાના મનની મરજી પુરી કરવા ચાહે છે. તેઓ દેવની કૃપાને નથી જાણુતા. તેઓ નરકથી બિહે છે પણુ દેવપર પ્રીતિ નથી કરતા. તેઓ ચાહે છે કે નરકની બિહીક અમારાથી ટળી જાય કે અમે પોતાની મરજી પ્રમાણે ચાલિયે. એવા લોક દેવને ઓળખતા નથી પણુ તેઓ દેવથી દૂર છે. તેઓ દેવના તારણુને જાણુતા નથી, તેઓનો અંત ભુંડો છે.

વળી જેઓ વિશ્વાસ કરવાનો દાવો કરે છે પણુ પોતાના ધર્મની વાત બરોબર શિખેલા નથા તેઓ કહે છે કે શકય છે કે માણુસ વિશ્વાસ કરે, અને તેનાં પાપ તેને માફ થાય અને પછી જો તે દેવથી ફરી જાય તો નરકમ પડે. એવા લોક નથી જાણુતા કે તારણુ એ ફક્ત દેવનું

જ કામ છે અને જે કામને તે સારૂ કરે છે તેને ઠેઠપણ પોહોંચાડશે અને પહોંચાડે છે. સભા ૯; ૧૪. ફીલી ૧, ૬. નિસંદેહ ઘણા લોક છે કે જેઓ વિશ્વાસનું નામ લે છે પણ આખરે નાશ પામે છે. પણ જેઓએ હકિકતમાં વિશ્વાસ કર્યો છે અને ફરી જન્મ પામ્યા છે તેટલાજ ખ્રીસ્તના મહિમામાં દાખલ થશે. એવા વિચાર કરનાર માણસોને માલમ નથી કે દેવની આગળ માણસ માથાથી તે પગના તળિયા લગી બીલકુલ ખરાબ છે પણ જો કોઇ વિશ્વાસ કરે તો દેવ તેની તરફ નથી જોતો પણ ઇસુ ખ્રીસ્ત જે તેનો બદલી થયો તેની તરફ જુએ છે.

ઇસુ ખ્રીસ્ત સ્વર્ગમાં દેવની સન્મુખ આપણે વાસ્તે હાજર રહે છે હેબ્રી. ૯; ૨૪. જ્યારે દેવ તેનામાં કાંઈ વાંક જોશે ત્યારેજ ફક્ત વિશ્વાસ કરનારાઓને તે ઇનસાફમાં લાવશે. એક કરજ બે વખત નથી આપવું પડતું. ત્યારે હવે જ્યારે ખ્રીસ્તે તમામ કરજ વધસ્તંભ પર અદા કર્યું ત્યારે દેવ તે ફરી કેમ કરીને માગશે? વિશ્વાસ કરનારાઓને દેવે ફક્ત પાપોની માફી આપી છે એટલુંજ નહિ પણ તેઓને ન્યાયી ઠરાવ્યા છે રોમી. ૫; ૧. "કેમકે જેણે પાપ જાણ્યું નહતું, તેને તેણે આપણે વાસ્તે પાપ રૂપ કીધો એ સારૂ કે આપણે તેનામાં (સામેલ થઇને) દેવના ન્યાયીપણારૂપ થઇએ" ૨ કરિં. ૫; ૨૧. "અને જે-

ઓને તેણે ન્યાયી ઠરાવ્યા, તેઓને તેણે મહિમાવંત પણ કર્યા" રૂમી ૭; ૩૦. અને તેઓ ખ્રીસ્તના પ્રેમથી કદિ જુદા થશે નહિ. રૂમી. ૮; ૩૫-૩૯.

આ વાતો સાંભળીને કદાપી કોઇ બે સવાલ કરશે. પેહેલો સવાલ એ કે, જો આ પ્રમાણે હકીકત છે તો આવી નિર્ભયતા દાઉદનાં ગીતમાં અને બીજી બીજી જગ્યાએ કેમ જોવામાં આવતી નથી પણ વિશેષે કરીને પવિત્ર લોકના મનમાં બિહીક રહે છે! એનો જવાબ એ છે કે જ્યાં સુધી પ્રભુ ઇસુ ખ્રીસ્તે હિંયાં આવીને પોતાનો જીવ ના આપ્યો અને જ્યાં સુધી તે મરી ગએલાઓમાંથી ઉઠી સ્વર્ગમાં ન ગયો અને જ્યાં સુધી પવિત્રાત્મા ન આવ્યો ત્યાં સુધી પુરો આશીર્વાદ જાહેર નહોતો થયો. વળી જ્યારે ઇસુ ખ્રીસ્ત પંડે હિંયાં હતો ત્યારે તેણે પણ પૂરો આશીર્વાદ જાહેર નહોતો કર્યો. તેણે એક વખત કહ્યું કે "મારે એક બાપ્તિસ્મા પામવાનું છે ને તે પુરૂં થાય ત્યાં સુધી મને કેવી તંગી લાગે છે." લુક ૧૨; ૫૦. તે પોતાના મરણ વિષે વાત કરે છે અને કહે છે કે જ્યાં સુધી તે પુરૂં ન થાય ત્યાં સુધી પુરો આશીર્વાદ જાહેર ના થાય. બીજી વખત તેણે પોતાના શિષ્યોને કહ્યું કે "મારૂં જવું તમને ગુણકારી છે, કેમકે જો હું જતો નથી, તો સંબોધક તમારી પાસે નહિ આવશે, પણ જો હું જાઉં, તો તેને તમારી પાસે

હું મોકલી દઇશ " યોહાન ૧૬; ૭. એટલે કે જ્યાં લગણ તે ન મરે અને પોતાના મહિમામાં દાખલ ન થાય ત્યાં લગણ પવિત્રાત્મા ન આવે. (યોહાન ૭; ૨૯) અને આપણને પુરો આશીર્વાદ ન મળે. ૧ પીતરના પહેલા અધ્યાયની ૧૦ મી કલમથી ૧૨ મી કલમ લગણ વાંચવામાં આવે તો આ વાત સાફ માલમ પડશે. જો કે બાયબલનો હરેક ભાગ ઘણો લાભકારક છે તોપણ માલમ પડે છે કે બાયબલના જે ભાગ પ્રભુ ઇસુ ખ્રીસ્તના આકાશ ગમન પછી લખવામાં આવ્યા તેમાંજ પુરો આશીર્વાદ મળી આવે છે, એટલે ફક્ત પત્રોમાં પુરો આશીર્વાદ મળી આવે છે. કેમકે તેમાં એ વાતો લખવામાં આવી છે કે જે વાતો પ્રભુ જ્યારે હાજર હતો ત્યારે શિષ્યો ખમી શકતા ન હતા. યોહાન ૧૬; ૧૨, ૧૩. ગલાતીઓના પત્રના ચોથા અધ્યાયમાં લખ્યું છે કે ઇસ્રાએલ પુત્રો જ્યાં લગી નિયમશાસ્ત્રને તાબે હતા ત્યાં લગી જો કે તેઓ વારસ હતા તો પણ તેઓની હાલત ગુલામ જેવી હતી. પણ પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે આપણને પુત્રની જગ્યા મળી છે તો પુત્રની જગ્યા ગુલામની જગ્યા કરતાં કેટલી સારી છે! એજ પ્રમાણે હેબ્રી. ૯ મા અધ્યાયની ૮ મી કલમમં લખ્યું છે કે દેવની સન્મુખ જવાનો રસ્તો ખુલ્લો નહોતો થયો પણ ૧૦ મા અધ્યાયની ૧૯ અને ૨૦ મી કલમમાં લખ્યું છે કે,

હવે નિર્ભયતાથી અપણે દેવની હજુરમાં આવિયે તો ઇસ્રાએલ પુત્રોની હાલત કરતાં આપણી હાલત કેટલી વિશેષ સારી છે અને કેવી રીતે પવિત્રાત્મા આપણુને પુરો આશીર્વાદ જાહેર કરે છે. એ આશીર્વાદ ઇસુ ખ્રીસ્તના મરણ અને પુન્રૂત્થાનને વસીલે કરીને આપણુને આપવામાં આવ્યો છે. યસાયા પેગમ્બરે લખ્યું છે કે, જગતના આરંભથી જે કદિ કોઇએ સાંભળ્યું નહિ, કાનથી જાણ્યું નહિ અને હે દેવ, તારા સિવાય કદિ કોઇએ જોયું નહિ તે તેં તારી વાટ જોનારને વાસ્તે તૈયાર કીધું છે. યસા. ૬૪; ૪. પણ પાઉલ પ્રેરિત કહે છે કે તે દેવે પોતાના પવિત્રાત્માની મારફતે આપણુને પ્રગટ કર્યું છે ૧ કરિં. ૨; ૧૦. માટે હવે બન્ને વાતો સાફ જાહેર થઇ છે. પહેલું એ કે જ્યાં સુધી પ્રભુ ઇસુ ખ્રીસ્ત જીવ આપીને પોતાના મહિમામાં દાખલ ન થાય ત્યાં સુધી પવિત્રાત્મા આવનાર નહતો. બીજું એ કે પુરો આશીર્વાદ જે આગલા વખતમાં ગુપ્ત હતો તે હવે પવિત્રાત્મા આવવા પર સાફ જાહેર થયો.

બીજો સવાલ એ છે કે જો વિશ્વાસ કરનાર માણસનાં તમામ પાપ માફ થયાં અને તે ન્યાયી ઠર્યો અને જો દેવ કદિ તેના પાપોને સંભારશે નહિ તો માલમ પડે છે કે આગળ તેને પાપોની માફીની જરૂર નથી અને જો તે ફરી પાપ કરે તો એની હરકત નથી. શું કદાપી એવું

પણ બની શકે કે તે પાપ કરતો રહે અને આખરે સ્વર્ગમાં જાય ?

આ સવાલ પણ અજાણ્યા માણસનો છે કે જે દેવનું શાસ્ત્ર શિખ્યો નથી. નિસંદેહ જ્યારે પાપી માણસને માલમ પડે છે કે, હું તદન ખરાબ અને અશુદ્ધ અને લાચાર છું અને તે પોતાનાં પાપ દેવની આગળ કબુલ કરે છે, અને જે ઇલાજ દેવે પ્રભુ ઇસુ ખ્રીસ્તની મારફતે કર્યો છે તેપર વિશ્વાસ કરે છે એટલે જ્યારે તે એવો વિશ્વાસ કરે છે કે હું નરકને લાયક છું, પણ પ્રભુ ઇસુએ મારી જગ્યા લઈ લીધી અને જ્યારે તે મારી જગ્યા પર હતો ત્યારે મારે લીધે દેવે તેને છોડી દીધો, મરી ગએલાઓમાંથી ઉઠી તે હાલ મારે વાસ્તે સ્વર્ગમાં બેઠો છે ત્યારે તે પાપીનો પેહેલો હાલ ગુજરી જાય છે, અને તેનો નવો હાલ સરૂ થાય છે. તે નવું માણસ છે. ૨ કરીં ૫; ૧૭.

જો વિશ્વાસ ખરો હોય અને જુઠો ન હોય તો તેનો પેહેલો હાલ ગુજરી ગયો છે. તે ફરી પોતાની અસલી હાલતમાં નહિ આવશે. ખ્રીસ્તના વધસ્તંભપર દેવે તેનાં તમામ પાપનો ફેસલો કર્યો છે તો હવે ફરી તેજ ગુનાહ તે ઇનસાફમાં બીજી વખત શી રીતે લાવશે ! એ કદિ નહિ થશે. પણ હવે જે પેહેલો પાપી અને દેવથી દુર હતો તે હવે પવિત્ર છે, ૧ કરીં. ૬; ૧૧. અને દેવ તેનો બાપ છે, ગલા

૪; ૫, ૬. અને હવે તે બાપની તથા તેના પુત્ર પ્રભુ ખ્રીસ્તની પવિત્ર સંગતમાં સામેલ કરવામાં આવ્યો છે. ૧ યોહા. ૧; ૩.

તો બેશક દેવ તેનો બાપ છે અને આ સગપણ અનંતકાળ સુધી તુટનાર નથી. દેવ તેનો બાપ છે માટે તે તેને જરૂરતની વખતે શિક્ષા કરશે, એ માટે નહિ કે તે તેના પર પ્યાર કરતો નથી પણ એ માટે કે તે તેના પર બહુજ પ્યાર કરે છે અને તેનો ફાયદો ચાહે છે. હેબ્રી, ૧૨; ૫-૧૧. અને એ માટે નહિ કે તે પોતાનાં છોકરાંમાંથી કોઇને નરકમાં નાખશે, અથવા સજાનો હુકમ આપશે પણ એ માટે કે તે કદિ સજાનો હુકમ નહિ આપશે. એજ કારણથી તે આ દુનિયામાં પોતાનાં છોકરાંને શિક્ષા કરે છે. ૧ કરીં. ૧૧; ૩૧. હમેશાં યાદ રાખવું જોઇએ કે જે ખરી રીતે વિશ્વાસ કરીને દેવની પાસે આવ્યો તે દેવનો દીકરો થયો અને સદા તે દેવનો દીકરો રહેશે. આ સગપણ દેવનું જ કામ છે માટે એ સગપણ આ દુનિયામાં હમેશાં કાયમ છે અને પછીના વખતમાં પણ કાયમ રહેશે. લખ્યું છે કે "વળી જેઓને તેણે પૂર્વેથી ઠરાવ્યા, તેઓને પણ તેણે તેડાવ્યા; ને જેઓને તેણે તેડાવ્યા તેઓને પણ તેણે ન્યાયી ઠરાવ્યા; ને જેઓને તેણે ન્યાયી ઠરાવ્યા,

તેઓને પણ તેણે મહિમાવંત કર્યા. રૂમી. ૮; ૩૦. એ કદિ બની શકતું નથી કે દેવનાં છોકરાંમાંથી એકનો પણ નાશ થાય.

પણ જો કે સગપણ કદિ તુટતું નથી તો પણ સંગત ઘણી જલદીથી તુટી જાય છે. સંગત બહુ નાજુક છે માટે એક ખોટા વિચારથી તે તુટી જાય છે. દેવ પવિત્ર છે માટે પોતાની સંગતની ખુશી અણકહાગરા નિશ્ચિંત બાળકને નહિ આપશે. જે વખતે કોઈ છોકરૂં પાપ કરે છે તેજ વખતે સંગત તુટે છે. સલામતી તથા સગપણ કાયમ રહે છે પણ સંગત જતી રહે છે. અને તેની જોડે ખુશી પણ ચાલી જાય છે કેમકે દેવની સંગતમાં વિશ્વાસ કરનાર માણુસની ખુશી હોય છે.

દુનિયાંમાં પણ એજ પ્રમાણે વાત છે. જ્યારે કોઇ છોકરો વાંક કરશે ત્યારે જ્યાં લગી તે પોતાનો વાંક કબુલ નહિ કરશે ત્યાં લગી ડાહ્યો બાપ તેની જોડે ખુશી નહિ કરશે અને રમશે પણ નહિ, પરંતુ તેઓનું સગપણ કાયમ રહેશે અને મુસ્કેલીની વખતે તે બાપ પોતાના અણકહાગરા છોકરાને મુકી નહિ દેશે. એજ પ્રમાણે દેવ સંબંધીની વાત છે. જે દીકરો અણકહાગરો થશે તેને તે ખુશી નહિ રાખશે પણ તે પોતાનો પ્યાર તેનાપરથી ઓછો નહિ કરશે. પણ જે વખતે તે દીકરો પોતાનો વાંક કબુલ કરશે તેજ વખતે તેનું પાપ તેને માફ થશે અને તે પાછો સંગ-

તમાં દાખલ થશે, અને ફરી દેવ તરફથી ખુશી તેના દિલમાં પેદા થશે. યોહાનના પેહેલા અધ્યાયમાં અને બીજા પત્રોમાં એનો બધો ખુલાસો લખેલોછે પણ આ અધ્યાયમાં લખ્યું છે કે વિશ્વાસ કરનારાઓને વાસ્તે માફીની જરૂર છે. હવે આ વાત સાબીત થઇ છે કે જ્યારે પાપી માણસ ઠરાવેલે રસ્તે દેવની પાસે આવેછે ત્યારે તે હમેશને વાસ્તે માફી પામે છે પણ પુત્ર થયા પછી સંગતને વાસ્તે દરરોજ તેને માફીની જરૂર છે, અને જ્યારે તે પોતાનું પાપ કબુલ કરે છે ત્યારેજ તેને આ માફી મળેછે. જ્યારે તે મનથી પાપને કબુલ કરે છે ત્યારેજ તે પાપ કબુલ કર્યું કહેવાય. તેણે સાફ કહેવું જોઇએ કે મેં આ અથવા ફલાણું પાપ કર્યું છે. પણ જો તે પાપ કબુલ ન કરશે અને ખ્રીસ્તનો નરમ અવાજ ન સાંભળશે તો તે બહુ શિક્ષા અને દુઃખ પામશે, એ માટે કે તે પોતાની બેવકુફી કબુલ કરે, અને પોતાનાં પાપોનો ઇકરાર કરે. જો તે ખરેખર પુત્ર હોય તો ઉપર પ્રમાણે પોતાનાં પાપ કબુલ કરવાં એ તેને વાસ્તે જરૂર છે પણ જો તેનો વિશ્વાસ ખોટો હોય તો તે પોતાનાં પાપમાં રહેશે અને ઇનસાફને દિવસે સજા પામશે.

તો હે દેવથી બિહીનારાઓ હિમત પકડો અને ખુશી થાઓ એ માટે કે દેવ તમારો બાપ છે અને તે તમારા પર બહુ પ્યાર કરે છે. જે તમારે વાસ્તે વધસ્તંભે જડાયો તેને સ્વર્ગમાં જુઓ અને તેના મહિમાથી સમજો કે દેવ તેના કામપર બહુ ખુશી છે અને જ્યાં લગી દેવ તેને

અપરાધી નહિ ઠરાવશે ત્યાં સુધી તે તમો અપરાધી નહિ ઠરાવશે. લખ્યું છે કે "જેવો તે છે, તેવા આપણે આ જગતમાં છિયે." ૧ યોહાન ૪, ૧૭. ખુશી થાઓ અને હર તરેહ દેવનાં વખાણ કરો કે તેણે આવો પુરો આશીર્વાદ અને તારણ સિદ્ધ કર્યાં છે. દેવના વચનને હર પ્રકારે માની લો અને જોઇ જાળવીને ચાલો, અને જે વખત તમારાથી પાપ થાય તેજ વખત પોતાના બાપની પાસે જાઓ અને તે કબુલ કરો. તેના પવિત્ર અજવાળામાં રહો અને તે તમને આ દુનિયામાં એટલી ખુશી આપશે કે જેનું બયાન ના થઇ શકે. ચિંતા ના કરો ગમે તેટલા તમે નિર્બળ હો પણ ખ્રીસ્ત તમને જીત પમાડશે.

તે તમારા જીવોનો પાળક તથા અધ્યક્ષ છે. તેને તમારી ફીકર છે. તેની તરફ નજર કરો અને તે તમને સર્વ સત્યમાં દોરશે અને એવી ખુશી આપશે કે જે બયાન બહાર છે.

ઇસુ ખ્રીસ્ત દેવનો છેલ્લો ઇલાજ છે. દેવે તેનામાં દરેક માણસને વાસ્તે તારણ મેળવ્યું છે. "પુત્ર પર જે વિશ્વાસ કરે છે તેને અનંત જીવન છે, પણ પુત્રનું જે નથી માનતો તે જીવન નહિ દેખશે, પણ તેના પર દેવનો કોપ રહે છે." યોહાન ૩; ૩૬.

પણ જો કોઇ કહે કે હું વિશ્વાસ કરૂંછું માટે જો સ્વદમનથી ના ચાલું તોપણ હું કદિ નાશ પામનાર નથી. શી જરૂર છે કે હું હમેશાં દેવની ઇચ્છા પ્રમાણે ચાલવાની ફીકરમાં રહું અને જે બીજા લોક કરે છે તે ના કરૂં? એ

કંઇ બની શકતું નથી કે દેવના વચન પ્રમાણે હમેશાં હું ચાલું ? જે માણસે પોતાનાં પાપનો પસ્તાવો કરી ઇસુમાં આરામ લીધો છે અને જે તેના લોહીને આસરે પાપોની માફી પામ્યો છે તે નવો જન્મ પણ પામ્યો છે, તો હવે નવા જીવનમાં આવ્યા પછી તે તેમ કરીને ભુંડું કરવાને ચાહશે ? જે ઇસુના લોહીથી માફી પામ્યો છે અને શુદ્ધ થયો છે તેના સ્વભાવમાં બદલાણ થયેલું હોવું જોઇએ. પાપ પર તેનો ધિક્કાર અને પવિત્રાઇ પર તેનો પ્રેમ જરૂર હોવો જોઇએ. જે માણસ પાપને ચાહે છે અને કૃપાનો ગેરઉપયોગ કરવા માગે છે તેના વિશે શક રહે છે કે કદાચ તેણે ખરા મનથી પાપ પર કંટાળો આણી તથા પોતાની પાપી જાતને ધિક્કારી દેવના પુત્રના નામ પર વિશ્વાસ કીધો નથી, તો એવા માણસને વાસ્તે આ નિચેનાં વચન ઠીક પડશે કે, અરે નાદાન ખબરદાર રહે ! માલમ પડે છે કે તું દેવથી દુર છે અને તેને તું ઓળખતો નથી, તું પોતાને ભુલાવે છે માટે જલદી પસ્તાવો કર નહિ તો જરૂર તારો નાશ થશે. “ જે કહે છે કે હું તેને ઓળખું છું, પણ તેની આજ્ઞા પાળતો નથી તે જુઠો છે અને તેમાં સત્ય નથી. ” ૧ યોહાન ૨; ૪.

સમાપ્ત.

જાહેર ખબર.

આ પુસ્તકના પ્રસિદ્ધ કરનાર પાસેથી નિચેનાં પુસ્તકો પણ મળશે. સરનામું—અમદાવાદ.

૧. દેવની મંડળી.........કિમત	રૂ.	૦–૧–૦
૨. ચાર મૂર્ખા .... ,,	રૂ.	૦–૦–૬
૩. દેવના વચનનાં મુળતત્વો ,,	રૂ.	૦–૧–૬
૪. સહિસલામતી, નિશ્ચયતા તથા સુખાનુભવ ,,	રૂ.	૦–૧–૬
૫. સત્ય શું છે?........... ,,	રૂ.	૦–૨–૦
૬. રૂમીઓનું પત્ર તથા તેનો ખુલાસો................ ,,	રૂ.	૦–૬–૦
૭. ભજનને વાસ્તે ઇશ્વરી નિયમ.,,	રૂ.	૦–૦–૬
૮. સ્તુતિનાં ગીત............ ,,	રૂ.	૦–૨–૬
૯. "જુઓ વર આવેછે" ... ,,	રૂ.	૦–૧–૦
૧૦. ગલાતીઓનું પત્ર તથા તેનો ખુલાસો................ ,,	રૂ.	૦–૨–૦
૧૧. ખ્રીસ્તી થવું એટલે શું ... ,,	રૂ.	૦–૦–૬

પાપીઓને વાસ્તે ખ્રીસ્તમાં જે અનંત તારણ છે તે વિષેની તલાસ કરનારાઓને પત્રદ્વારે અથવા રૂબરૂ જવાબ આપવાને પ્રયત્ન કરવામાં આવશે.